237

વિકલાંગોના પુનર્વસન માટેના રાષ્ટ્રીય
કાર્યક્રમ (એન.પી.આર.પી.ડી.) અન્વયે બે
ગાડીઓ ખરીદવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૨/૩૨૫૮/છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૯/૬/૨૦૦૪.

વંચાણે લીધા :

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૧૨/૦૩નો ઠરાવ ક્રઃઅપગ/૧૦૨૦૦૨/૩૨૫૮/છ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૯/૬/૦૪નો ઠરાવ ક્રમાંકઃ-અપગ/૧૦૨૦૦૨/૩૨૫૮/છ.૧,

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૩/૨/૦૪નો પત્ર ક્રમાંકઃ-અપગ/એનપીઆરપીડી/અમલીકરણ/૩૪/૦૪

આમુખ (૧) આગળના ઠરાવથી ગ્રામીણ વિસ્તારના વિકલાંગોને શોધી તેમનું યોગ્ય પુનઃસ્થાપન યોજનાના ભાગરૂપે વિકલાંગોના પુનર્વસન માટેના રાષ્ટ્રીય કાર્યક્રમ ((એન.પી.આર.પી.ડી.)નો અમલ કરવામાં આવેલ છે.

૨. આમુખ (૩) આગળના પત્રથી પ્રસ્તુત યોજના અંતર્ગત તાલુકા કક્ષાએ પસંદગી પામેલ સંસ્થાને ફાળવાતી મોટર સાયકલ અને સાયકલની જોગવાઇ રદ કરી અને આથી થતી બચતનાં નાણામાંથી યોજનાના અમલીકરણ અને મોનીટરીંગ માટે બે વાહનો અંદાજીત રુ.૯.૫૦ લાખના ખરીદવા માટેની દરખાસ્ત કરેલ છે.

૩. પ્રસ્તુત બાબતે સક્રિય વિચારણાના અંતે આમુખ (૨) આગળના ઠરાવથી તાલુકા કક્ષાએ અપાતી મોટર સાયકલ અને સાયકલની જોગવાઇ રદ કરવામાં આવેલ છે અને આ અંગે થનાર બચતમાંથી રુ.૯.૫૦ લાખ (અંકે રુપિયા નવ લાખ પચાસ હજાર પૂરા)ના બે વાહનો નીચેની શરતોએ ખરીદવા નિયામક, સમાજ સુરક્ષા ખાતાને પરવાનગી આપવાનું ઠરાવવામાં આવે છે.

(અ) આ વાહનોનો ઉપયોગ એન.પી.આર.પી.ડી. યોજનાના અમલીકરણ અને મોનીટરીંગ માટે કરવાનો રહેશે.

(બ) આ વાહનોના ડ્રાયવર માટે અલગ જગ્યા ઉભી કરવાની થશે નહિ પરંતુ નિયામકશ્રી, સમાજ સુરક્ષા હેઠળના બિન ઉપયોગી વાહનોના ડ્રાયવરોની સેવા લેવાની રહેશે.

// ૨ //

૨૨૩

(ક) આ અંગે થનાર ખર્ચ એન.પી.આર.પી.ડી. યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટમાંથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
પસંદગી ફાઇલ
નાયબ સેકશન અધિકારીશ્રી પસંદગી ફાઇલ.

પટેલ/છ.૨./પે.૧૮૭/